# જાપૃથિવીવલ્લભ્રુ નવલકથામાં રહેલો ઈતિહાસ રંગી રોમાન્સ – એક અધ્યયન

પી.એસ.ડી. સ્ટુડન્ટ (ગુજરાતી સાહિત્ય)

ગાંધી દીક્ષિતા દિલિપભાઈ

પ્રસ્તાવના

ગાંધીયુગીન નવલકથાકાર ક.મા. મુનશી ગુજરાતી સાહિત્યમાં તેમની જાસામાજિક્રુ, જાપૌરાણીક્રુ તથા ઐતિહાસિક નવલકથાઓ મોખરાનું સ્થાન અને માન મેળવે છે. તેજ સદીનાં બીજા દાયકામાં મુનશીની જાપાટણની પ્રભુતાુ , જાગુજરાતનો નાથ્રુ, જારાજાધિરાજ્રુ કથાત્રયી પ્રગટ થઈ.

જાપૃથિવીવલ્લભ્રુ નવલકથા એ સરેરાશ ૧૮૦ પાનામાં લખાયેલી અને ૩૩ પ્રકરણોમાં વિભાજીત થયેલી લધુનવલ છે. નવલકથામાં મુંજ, તૈલપ, જકકલા, ભિલ્લમ વગેરે પાત્રો ઈતિહાસમાંથી જ લીધેલા છે. યુધ્ધમાં તૈલપને મુંજે સોળ વાર હરાવ્યો અને છેલ્લે મુંજ પોતે હારે છે. આ ઐતિહાસિક હકીકત છે. પરંતુ આ નવલકથામાં તો મુંજ અને મૃણાલની પ્રણય ભાવના જ કેન્દ્રમાં છે. મૃણાલ સાથેનાં પ્રણય સંધર્ષમાં જીતીને રણક્ષેત્રમાં હારેલો મુંજ તૈલપ ઉપર પોતાનો બદલો વાળે છે. છેલ્લે તૈલપને હરાવી મુંજ પ્રણયયુધ્ધનો વિજેતા બને છે. જાપૃથિવીવલ્લભ્રુ નવલકથાને પ્રણયસંધર્ષની કથા કહેવામાં આવે છે. મુનશીએ પોતાની કલ્પનાથી ઈતિહાસનાં પાત્રોને લઈને પ્રણયસંધર્ષ કરાવ્યો છે. નવલકથામાં મુખ્ય વાત પ્રણયકથાની આવે છે. ઈતિહાસનો ઉપયોગ તેમાં સ્વાદ અનુસાર લેવાયેલ ચપટી મીઠા સમાન જ થયો છે.

ગુજરાતનાં ધણાં વિવેચકોએ મુનશીની નવલકથા પર ઈતિહાસનું ખૂન કર્યુ છે તેવા આરોપો પણ થયા છે. શ્રી યશવંત દોશી કહે છે કે, જીઔતિહાસિક નવલકથાનો કોઈ સ્પષ્ટ ખ્યાલ આપણા વિવેચનમાંથી હજુ સુધી ઊભો થયો નથી. ઔતિહાસિક નવલકથાઓમાં મુનશીએ પોતે નવલકથાને જ પ્રાધાન્ય આપ્યું છે. એમની નવલોમાં આવતો ઈતિહાસ નવલકથાની જરૂરીયાત પ્રમાણે જ આવે છે. એક તરફ આ સત્ય છે કે મુનશીની બધી જ નવલકથાઓમાં સમગ્ર સમાજ જીવનનો ધબકાર ઝીલાયો નથી. તેમને ઐતિહાસિક પાત્રોની નાની નાની વિગતો પ્રત્યે પણ ધ્યાન દોરર્યુ નથી અને તેને નવલકથામાં સ્થાન આપ્યું નથી. તેમને પાત્રોની વિચારણામાં પણ માનવસ્વભાવની સનાતનતા પર જ ધણો ભાર મુકયો છે.

ડો. જાડેજા સ્પષ્ટ કરતા કહે છે કે , જીમુનશીની ઐતિહાસિક નવલકથાઓ માટે ઈતિહાસ એ ચપટી મીઠું હતો. મુનશીની નવલકતાઓમાં તો ઈતિહાસ માત્રને માત્ર નિમિત્ત્ય બનીને આવે છે. તેમની નવલકથાઓમાં તો મૂળ ભોજન તરીકે વાર્તા આવે છે. ઈતિહાસને તો મરીમસાલાનાં સ્થાને જ રાખે છે.ક્ષ્ય અને ડો. સુરેશ જોશી તો મુનશીની નવલકથાઓને ઐતિહાસિક નવલકતા ગણવા તૈયાર જ નથી.

ધણા વિવેચકો ના મત મુજબ મુનશીની જાપૃથિવીવ્લ્લભ્રુ નવલકથા ઐતિહાસિક છે જ નહિ. પણ તે જાઈતિહાસરંગી રોમાન્સ્રુ છે. મુનશીની પૃથિવીવલ્ભમાં વાર્તારસ જ પ્રધાનસ્થાને છે, ઐતિહાસિકતા નહિવતક્ષ છે. તેમાં રાજા મુંજ કેન્દ્ર સ્થાને છે. ઈતિહાસના લોક હદયમાં રહેલું મુંજનું પાત્ર ભવ્ય અને આકર્ષક છે. મુંજે તૈલપને સોળ વખત હરાવ્યો અને મહાન વિજેતા તૈલપે માન્યખેટનું સામાજય સ્થાપ્યું. તે રાષ્ટકૃટ રાજા ભમ્મરની કુંવરી જકકલાદેવીને પરણ્યો. તેના પુત્રનું નામ અકલંકચરિત્ર અથવા સત્યાશ્રય હતું. તૈલપનો મહાસામંત સ્યૂન દેશનો રાજા ભિલ્લમ યાદવ હતો. તેણે પ્રતાપી રાજા મુંજને છેલ્લે હરાવ્યો, મુંજ, તૈલપ, સત્યાશ્રય, ભિલ્લમ વગેરે પાત્રો અને તેમના વિશેના પ્રસંગો ઈતિહાસોનાં છે.

જાપૃથિવીવલ્લભ્રુ નો મુખ્ય બનાવ તૈલપ મુંજનો વેરનો નથી. મુંજ ભિલ્લમને હાથે છેલ્લીવાર હાર્યો ત્યાંથી નવલકથાનો પ્રારંભ થાય છે. નવલકથાનો મુખ્ય વિષય જ કવિ રસનિધિ અને સત્યાશ્રયની વાગ્દત્ત્યા, મુંજ અને તૈલપની જાજરમાન બાળ વિધવા બહેન મૃણાલ, ભિલ્લમની પુત્રી વિલાસનો પ્રેમ વગેરે છે. અને આ બધા જ પ્રસંગો મુનશીની કલ્પના સૃષ્ટિ ધ્વારા ઉત્પન્ન થયેલા છે. મૃણાલનો પ્રેમ, રસનિધિ – સત્યાશ્રમ – વિલાસનો પ્રણયત્રિકોણ, વિલાસનું રસનિધિ સાથે ભાગી જવું આ બધાં બનાવો અને કેટલાક પાત્રો મુનશીની કલ્પનાના છે. ઈતિહાસ સાથે મુનશીએ થોડી ધણી છૂટ લીધી છે. આ બધા લેવામાં આવેલ પાત્રો ઈતિહાસનાં નહિ પણ વર્તમાનકાળનાં કે મુનશીના જમાનાનાં ગણાય છે.

મુનશીની જાપૃથિવીવલ્લભ્રુ નવલકથા વિશે ગાંધીજીએ પણ ટીકાઓ કરી છે. તેનો જવાબ મુનશી એક પત્રમાં લખે છે કે, જીમે મારા નરસાં માણસોનાં પ્રસંગો આલેખ્યાં છે. શીખવાનાં કે પ્રેરવાના હેતુથી નહિ પણ, સર્જકતાની ધુનમાં અને આત્મકથનની અણદબાવી વૃત્તિયથી.ક્ષ્ય

મુનશીની ગુજરાતી નવલકથામાં જાસુપરમેન્રુ પાત્રો પ્રથમવાર લઈને આવે છે. તેમનાં પાત્રો ભવ્ય, પ્રતાપી અને પ્રભાવશાળી છે. એમનાં મુંજ, મુંજાલ, પરશુરામ અને લક્ષ્મીદેવી જેવા સામાન્ય ન બની રહેલાં તેઓ સુપરમેન પાત્રો બની રહે છે. મીનળ, મુંજાલ અને મંજરી જેવાં સ્ત્રીપાત્રો પણ ભવ્ય અને પ્રતાપી છે. તેઓ નિત્સેનું અનુકરણ કરી પ્રતાપી એવાં પાત્રો લઈ આવ્યા. મુનશીનાં સુપરમેન પાત્રો નિત્સેની કલ્પનાનાં નથી એતો મુનશીની જ કલ્પનાનાં છે. મુનશી જ કહે છે કે જીભૂતકાળનાં પાત્રો અને પ્રસંગોને કલ્પના ધ્વારા સ્વાનુભવનાં રંગોથી રંગીને સરસતા અર્પીને સજીવન કરવામાં જ એમણે રસ લીધો છે.ક્ષ્ય મુનશીએ ઈતિહાસનાં સામાજિક વલણો અને ઐતિહાસિક પાત્રો એકત્ર થાય તેનાં પ્રત્યે ખાલ ધ્યાન આપ્યું નથી. એમનાં મતાનુસાર, જી લોહીની ભરતીઓ જેની રગોમાં આવે છે એવા, ખરા જીવનમાં પ્રેમ કરે છે, યુધ્ધ કરે છે, પાપ કરે છે, તરફડે છે એવા સ્ત્રીઓ અને પુરૂષો જ તેઓ ચીતરવા માંગે છે, એમની રચનાઓમાં ઈતિહાસ તો ચપટી મીઠું જેટલો છે.ક્ષ્ય

મુનશીની કથા પ્રવાહની પકડ નવલકથામાં કયાંય અટકી જતી નથી. તેમણે મુંજ – મૃણાલની પ્રેમકથા સાથે ભિલ્લમ – લક્ષ્મી, તૈલપ – જકકલાનો પ્રેમ અને રસનિધિ – સત્યાશ્રય – વિલાસનો પ્રણય ત્રિકોણ અને તેનો કરૂણ અંત વગેરે

બનાવો એકબીજા સાથે ભેળવી લીધા છે. અને મુખ્ય કથાની સાથે ગૌણ કથા સંકલન પામતી ગઈ છે. જેલમાં અને જાહેરમાં જે બનાવો યોજયા તેનું પ્રભાવશાળી ચિત્રણ કર્યુ છે અને બધા બનાવોને યોગ્ય રીતે સાંકળી લીધા છે. માટે આ નવલકથાનો એક પણ બનાવ કે પાત્ર આપણને વધારાના લાગતા નથી.

ટૂંકમાં આ કથામાં પાત્રાલેખન અનિવાર્ય ન હતું મુંજનો કોઈ પ્રતાપ કે ગૌરવ જણાતું નથી. શું મુનશી પાસે મૃણાલ અને પ્રજાને આકર્ષીત કરવા બીજો કોઈ પ્રસંગ જ ન હતો? આ પ્રસંગને કારણે વસ્તુસંકલના અને કથામાં રૂંધામણ આવી જાય છે. જાસોનાના થાળીમાં લોઢાની મેખ્યુ જેવો આ પ્રસંગ છે. બીજી તરફ મૃણાલનું મુંજ તરફ વેરભર્યુ વર્તન પ્રેમમાં પરિવર્તન પામે  છે.

મુંજના મૃણાલ પ્રેત્યેના આકર્ષણમાં લેખકે મુંજની મનોસૃષ્ટિનું આલેખન કરવું આવશ્યક હતું. આવી અનેક જગ્યાએ શિથિલતા રહી ગયેલી જોવા મળે છે.

મુનશીએ સંકલનાનું આયોજન સભાનપુર્વક કર્યુ છે. વીર, કરૂણ, શૃંગાર, હાસ્ય, અદક્ષભૂત વગેરે રસોને અને યોગ્ય વાતાવરણને અનુકૂળ થઈ પડે તેવી વસ્તુસંકલના જાપૃથિવીવલ્લભ્યુ માં છે. એમની અન્ય મોટી નવલકથાઓ કરતાં આ લધુનવલ કલાત્મક અંશે આસ્વાદ બની રહે છે.

મુનશી તેમની ઐતિહાસિક તેમજ પૌરાણિક કથામાં વાતાવરણને સાર્થક કરવા ઈતિહાસની માહિતી, પાત્રોનાં રૂપવર્ણન, ભાષા, વેશભૂષા, સમાજ વ્યવસ્થા, ધાર્મિક માન્યતાઓ, પૂજા, વગેરેમાં વિવિધ પ્રકારે કર્યુ છે. મુનશીની નવલકથાનાં ઐતિહાસિક અને પૌરાણિક પાત્રોનાં વિચારો, ભાવનાઓ અર્વાચીન જાણાય છે. જયારે પાત્રોની આજુબાજુનું વાતાવરણ તેઓ કલ્પના ધ્વારા ખડું કરે છે. મુનશી પોતે કહે છે કે જા જાપૃથિવીવલ્લભ્યુ એમની આત્મકથાનું એક અંગ બની જાય છે. વળી તે તેમની કલ્પનાઓનું જ પરિણામ છે. અહિંયા તેમને ઐતિહાસિક નહીં પણ ઈતિહાસરંગી રોમાન્સ ભર્યુ વાતાવરણ સર્જ્યુ છે.

મુનશીની ભાષાથી ધ્યાન ખેચે તેવી છે. તેમની ભાષાશૈલીનો પ્રભાવ ધૂમકેતુ, ર.વ. દેસાઈ, ચુનીલાલ મડીયા, શિવકુમાર જોશી અને હરિન્દ્ર દવે વગેરે નવલકથાકારોની કૃતિઓમાં જોવા મળે છે. ઈ.સ. ૧૯૧૬માં જાપાટણની પ્રભુતાુ માં યોગ્ય ભાષાનો મુનશીએ ઉપયોગ કર્યો પછી છેક ૧૯૫૦ સુધી મુનશીની ભાષાશૈલીને અનુસરવાનાં સંખ્યાબંધ લેખકોએ પ્રયાસ કર્યો. ગાંધીજીનાં આગમન પૂર્વે મુનશીએ સાદી, સરળ ભાષાનો ઉપયોગ કર્યો. જાપૃથિવીવલ્લભ્યુની ભાષાનું સ્તર પણ જાપાટણની પ્રભુતાુ,ગુજરાતનો નાથ્યુકે જારાજાધિરાજ્યુની કક્ષાનું જ છે. કથન, વર્ણન, સંવાદ વગેરેમાં ભાગ્યે જ ભાષાનું પોત ફિકકુ પડે છે.

મુનશીની નવલકથાઓમાં નાટયાત્મકતા વધારે જોવા મળે છે. પરંતુ એમની સિધ્ધિ એ છે કે એમણે કયાંય નાટકીય નિરૂપણ કર્યુ નથી. મુનશીની લોકપ્રિયતાનું રહસ્ય એમની નવલકથાઓની નાટયાત્મકતામાં રહેલું  છે. નાટયોચિત બાહય સંઘર્ષને તીવ્રતાથી ઉપસાવનારા સંવાદોમાં રહેલું છે. એમનાં સંવાદોમાં દુર્બોધતા, કિલષ્ટતા, કુત્રિમતા,

ઉચ્ચારણમાં અગવડરૂપ બને તેવી સંકુલ વાકયરચના જોવા મળતી નથી. બોલચાલની ભાષાને શિષ્ટરૂપમાં યોજવાની વિશેષતા મુનશીએ સિધ્ધ કરી છે.

નાટક અને નવલકથા વચ્ચેનાં સંવાદોમાં ભેદ લેખક બરાબર જાણે છે. નાટકનાં સંવાદો અભિનયને અવકાશ આપનારા હોવા જોઈએ. નવલકથામાં આ અનિવાર્ય નથી. નાટકમાં કાર્ય પ્રત્યક્ષ થાય તેવા સંવાદો જરૂર છે. મુનશીની જાપૃથિવીવલ્લભુ નાં સંવાદો નાટયોચિત છે. ને એનો ઉપયોગ નાટયરૂપાતંર કે ચલચિત્ર રૂપાંતરમાં બેઠા બેઠા થઈ શકે. મુનશીની આ વિશેષતા છે.

મુનશીની આ નાટયાત્મક અંશો ધરાવતી નવલકથામાં પણ સામાન્ય પ્રજાનું મનોરંજન  કરી શકે તેવી બધી સામગ્રીનું સંયોજન થયું છે. નવલકથાનાં સંવાદો ધારદાર, અસરકારક કે ડ્રામેટીક છે. એમની અન્ય નવલકથાઓની જેમ જાપૃથિવીવલ્લભુમાં પણ અપહરણ, પ્રણયત્રિકોણ, ખટપટ, કાવાદાવા, ભોંયરા, એકબીજા પર પ્રભાવ પાડતાં મથતા, પ્રેમ કરતાં પાત્રો, સ્ત્રીપાત્રોનું અંતે પુરૂષ આગળ નમી પડવું વગેરે બનાવોનું ચિત્રણ થયેલું છે. મુનશી વસ્તુસંકલનાની કુશળતાથી આ બધા સ્થૂળ બનાવોને ગૂંથી રસસૃષ્ટિ ખડી કરે છે. મુનશી રસસિધ્ધ વાર્તાકાર છે. જાપૃથિવીવલ્લભુ માં વીર, કરૂણ, શૃગાર, અદક્ષભૂત, હાસ્ય વગેરે રસોનું નિરૂપણ લેખકે કર્યુ છે.

કથા મુખ્યત્વે પ્રણયસંઘર્ષની છે. માળવાપતિ મુંજ તૈલપને હાથે યુધ્ધમાં પરાજય થાય છે. અને કેદી બનીને તૈલપની પાટનગરી માન્યખેટમાં આવે છે. પ્રણયસંઘર્ષ ધ્વારા વેરનો પ્રારંભ થાય છે. એ તૈલપની વિધવા બહેન મૃણાલને પ્રણયમાં પાડી મુંજ તૈલપ મૃણાલ પરનું વેર વસુલ કરે છે. મુંજને નમાવાવા મથતી અંતે મુંજને નમી પડે છે. પ્રણયસંબધોથી જ પરાજિત થયેલો તૈલપ મુંજને નમાવાવા એને હાથીને પગે કચડીને મારી નાખવાનો આદેશ આપે છે. મુંજ નમ્યા વિના હસતો હસતો હાથીના પગે કચડાઈ મૃત્યુને ભેટે છે. પ્રસંગોની સરસ રીતે ગૂંથેલી હારમાળા વિવિધ રસના નિરૂપણનું કૌશલ મુનશી દાખવે છે. આમ રણમેદાન પર યુધ્ધ કરીને હારી ગયેલા મુંજનો અંતે વિજય થાય છે. અહીં નવલકથાનો અંત કરૂણ હોવા છંતા સુખદ છે.

નવલકથાઓમાં મુખ્યત્વે  રાજકીય અને પ્રણય વિષયક બે વિષયનું નિરૂપણ થયું છે. અહીં વિચાર કે ભાવના કૃતિનો એક અંશ બનીને તે કૃતિનો એક અંશ બનીને તે કૃતિ સાથે ઓગળીને સમરસ થઈને પ્રગટયું છે. માટે જ મુનશીની નવલકથાઓ સવિશેષ આસ્વાદ બની છે. એમની નવલકથઓ વિચાર કે ચિંતનના ભાર નીચે કચડાઈ મરી નથી.

મૃણાલ પોતાની જાત પર તથા તૈલપ, જકકલા, વિલાસ, સત્યાશ્રય અને પોતાની રાજયની પ્રજાની ભાવનાઓ, આનંદ અને રસિકતાને કચડી નાંખે છે. મૃણાલે કવિઓ, નાટકો, નટીને દેશવટો આપ્યો છે. તેને પરિણામે પ્રજાની સ્વતંત્રતા હણાઈ ગઈ છે. આ જુલમી શાસક સામે બળવો કરીને વિલાસ રસનિધિ સાથે નાસી જાય છે. અને કરૂણ મોતને ભેટે છે. ભિલ્લમ – લક્ષ્મી પોતાની તથા પોતાના રાજયની પ્રજાની સાથે બળવો કરીને મુકિત મેળવે છે.

વિલાસ એ સ્ત્રી સ્વતંદૃયની, વ્યકિત સ્વાતંદૃયની, આધુનિક ભાવનાનું પ્રતિનિધિત્વ કરનારૂં નારી પાત્ર છે. લક્ષ્મીદેવી સ્વાતંદૃયનો ઝંડો ફેલાવીને આધુનીક નારીશકિતનું દર્શન કરાવે છે. મૃણાલ અંતે મુંજને નમી પડે છે. આ ચિત્ર ધ્વારા

મુનશી નારી જીવનની એ આધુનિક ભાવના પ્રગટ કરવી છે કે આધુનિકનારી ગમે તેટલી પુરુષ સમોવડી પણ એના નારીત્વની સાર્થકતા પુરુષને નમવામાં છે, પૃથિવીવલ્લભમાં મુનશીની પોતાના તથા એમનાં જમાનાનાં ભાવના, વિચાર, વલણ પ્રગટ થાય છે.

## સંદર્ભ સુચિ


| | |
|---|---|
| પૃથિવી વલ્લ્ભ | કનૈયાલાલ મુનશી (૧૯૨૧) |
| કથા મંથન | ભરત મહેતા |
| મુનશીના ઐતિહાસિક અને પૌરાણિક નાટકો | બાબુ દાવલપુરા |
| કથાવલોકન | દિપકમહેતા |